જિંદગીમાં સૌથી મહત્ત્વની બાબત માણસ જેવા રહેવાની છે અને સુખ વહેંચવાની છે
- ઝેન કથન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૨ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૫, બુધવાર ; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજયના અંદાજપત્રનું કદ ૧,૩૯,૧૩૯ કરોડ



## અંદાજપત્રમાં સરકારે માત્ર ૨૦ કરોડની રાહતો આપી, ૮૦ કરોડનો કરબોજ નાખ્યો : વિધાનસભામાં નાણામંત્રી સૌરભ પટેલે અંદાજપત્ર રજૂ કર્યું : મુખ્યમંત્રીએ વિકાસલક્ષી કહ્યું : જયારે વિરોધપક્ષોએ નિરસ અને ચૂંટણીલક્ષી ગણાવ્યું

ગાંધીનગર, તા.૨૪
ગુજરાત સરકારનું નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬નું સામાન્ય બજેટ ૧,૩૯,૧૩૯ કરોડનું કદ ધરાવે છે, જે ગયા વર્ષના સુધારેલા અંદાજ કરતાં ૧૦ ટકાનો વધારો સૂચવે છે, જયારે વાર્ષિક યોજનાનું કદ ૭૯,૨૯૫ નિર્ધારિત કરવામાં આવ્યું છે. રાજયના નાણામંત્રીએ બજેટમાં ૧૨૪.૯૫ કરોડની પુરાંત દર્શાવી છે. ગુજરાત સરકાર દ્વારા સતત પાંચમા વર્ષે મહેસૂલી પુરાંતવાળું બજેટ આજે વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં ૮૦ કરોડના મામૂલી કરવેરા અને માત્ર ૨૦ કરોડની રાહતો આપવામાં આવી છે. સરકારના મતે વિકાસલક્ષી બજેટ છે, પરંતુ નિષ્ણાંતોના મતે નિરસ બજેટ હોવાની છાપ ઉપસી છે.

ગુજરાતના નાણામંત્રી સૌરભ પટેલે રજૂ કરેલા બજેટની મહત્વની જોગવાઈમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૯૧૫ કરોડનો સમાવેશ થાય છે. એ ઉપરાંત અમદાવાદ મેટ્રો રેલ માટે ૬૨૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સ્વચ્છતા માટે ૧૨૦ કરોડ, એમ્બ્યુલન્સ માટે ૧૧૦ કરોડ, નર્મદા પ્રોજેક્ટ માટે ૯૦૦૦ કરોડ અને જિલ્લા-તાલુકાઓમાં વાઈ-ફાઈ માટે ૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ સરકાર પીપીપી ના ધોરણે ડેવલપ કરવા જઈ રહી છે.

ગુજરાત સરકારે સ્માર્ટ સિટી માટે ૧૫૦ કરોડની તેમજ રાજકોટ, ભાવનગર, જામનગર અને વડોદરાના રિંગરોડ માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરી છે. ૭૫ કરોડ સુરતની ડ્રીમ સિટી માટે ફાળવ્યા છે. રાજય સરકારે મહેસૂલી આવકનો અંદાજ ૧.૦૯ લાખ કરોડ અને મહેસૂલ ખર્ચનો અંદાજ ૧.૦૧ લાખ કરોડનો રાખ્યો છે, જયારે મૂડી આવક ૨૫૧૨૧ કરોડ તેમજ મૂડી ખર્ચ ૩૫,૫૫૫ કરોડ અંદાજયું છે જે સરવાળે ૧૨૪.૯૫ કરોડની પુરાંત દર્શાવે છે.

નાણામંત્રીએ દર્શાવ્યા પ્રમાણે રાજયની વાર્ષિક યોજનાનું કદ ૭૯૨૯૫.૧૧ કરોડ દર્શાવ્યું છે જેમાં સૌથી વધુ ૩૮૪૮૪.૧૫ કરોડ સામાજીક સેવાઓ પાછળ ખર્ચવાનો ઈરાદો ધરાવે છે. પ્રવાસનની વિશિષ્ટ જોગવાઈ જોઈએ તો રાજયના તમામ યાત્રાધામ મથકોએ સુશોભનના કામો માટે ૨૧ કરોડ, કોસ્ટલ ટુરિઝમના વિકાસ માટે ૯ કરોડ, સ્પિરિચ્યુઅલ ટુરિઝમ માટે ૧૯૬ કરોડની જોગવાઈ કરી છે.


નાણામંત્રીના બજેટમાં ખાસ નવી કોઈ જાહેરાતો નથી પરંતુ જે


● અનુસંધાન પાન-૭ પર

### મુખ્યમંત્રી ગૃહયોજના માટે ૧૧૦૦ કરોડ : રાજ્યમાં શહેરી ગરીબો માટે બે લાખ નવા મકાનો બનાવાશે

રાજય સરકારના વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં શહેરી ગરીબો માટે ૨ લાખ નવા મકાનો બનાવવાની સાથે મુખ્યમંત્રી ગૃહ યોજના માટે ૧૧૦૦ કરોડની ફાળવણી કરવામં આવી છે તેની સાથે ઝુંપડપટ્ટી હટાવી ૫૦ હજાર આવાસ બનાવવાનું પણ આયોજન હાથ ધરવામાં આવનાર છે.

સ્માર્ટ સીટી માટે અર્બન ડેવલપમેન્ટ મીશન માટે ૫૭૫ કરોડ રૂપિયા પંચાયત હસ્તકના રસ્તા પહોળા કરવા માટે ૧૭૫ કરોડ, કિસાનપથ યોજના હેઠળ ૭૦ કરોડ, નવા જિલ્લા તાલુકાઓમાં સેવાસદન બનાવવા માટે ૧૪૩ કરોડ તો અમદાવાદનમાં બહુમાળી મકાન અને સરકારી કર્મચારીઓ માટે મકાન બનાવવા ૬૦.૮૯ કરોડની ફાળવણી કરવામા આવી છે. શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૧૦૨૬૯.૭૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે.




# બજેટમાં મહાત્મા મંદિર ફેઈઝ-૨બી કાર્યયોજના માટે ૬૦ કરોડની જોગવાઈ

ગાંધીનગર, તા. ૨૪
આજે રજુ થયેલા બજેટમાં મહાત્મા મંદિરના ફેઈઝ-૨ બી ની કાર્યયોજના માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગત બજેટમાં પણ મહાત્મા મંદિરના પ્રોજેક્ટને આગળ ધપાવવા નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી. ફેઈઝ-૨બી અન્વયે દાંડી કુટીરમાં આર્ટ સ્કલ્પચર બનાવવાનું પણ આયોજન છે.

શહેરના અન્ય વિસ્તારમાં નવનિર્મિત સ્વર્ણિમ પાર્કની એકબાજુએ સ્થિત મહાત્મા મંદિર નગરની આગવી ઓળખ સમાન છે. મહાત્મા મંદિરના નિર્માણ બાદ હાલ આનુસંગિક કાર્યયોજનાને આગળ વધારવા કામ હાથ ધરાયું છે. અગાઉ ફેઈઝ-૨ની કામગીરી દરમિયાન સોલ્ટ માઉન્ટ મ્યુઝિયમ તેમજ સ્લોપીંગ ગાર્ડન સહીતના કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા. જયારે હાલ ખ-માર્ગથી કન્વેનશન સેન્ટરને જોડતા કેબલ સ્ટેઈડ બ્રિજના નિર્માણનું કામ પણ ચાલી રહ્યું છે. મહાત્મા મંદિરને અનુલક્ષી ભવ્ય સોલ્ટ માઉન્ટ તેમજ મ્યુઝિયમ પણ તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દાંડી કુટીર પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. આજે રજુ થયેલા બજેટમાં મહાત્મા મંદિર ફેઈઝ-૨ બી ની કાર્યયોજના અન્વયે રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેના આધારે ફેઈજ-૨ બી ની કાર્યયોજના પણ ટુંકમાં તૈયાર કરી દેવાશે. દાંડીકુટીર માટે 'આર્ટ સ્કલ્પચર'નું નિર્માણ કરવામાં આવશે જેમાં ગાંધીજીની વૈવિધ્યસભર પ્રતિમાઓ મુકવા પણ આયોજન કરવામાં આવ્યું છે.

## બજેટમાં મહત્વની જાહેરાતો

- નર્મદા યોજના માટે ૯૦૦૦ કરોડનો ખર્ચ થશે.
- ટપક સિંચાઈ માટે ૪૬૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- સૌરાષ્ટ્રની સૌની યોજના માટે ૧૨૯૪ કરોડ આપવામાં આવશે.
- કલોલ, માણસા, વિજાપુરમાં પાણી પહોંચાડવા ૫૦ કરોડ ખર્ચાશે.
- ખેડૂતોને નવા ટ્રેક્ટર માટે ૧૨૦ કરોડ અપાશે
- -તિ દસ ગામ દીઠ એક પશુ સારવાર કેન્દ્ર સ્થપાશે.
- આગામી વર્ષે ૪૩૦૦ વિદ્યા સહાયકોની ભરતી થશે.
- નવી ૨૦ સ્માર્ટ સ્કૂલો તૈયાર કરાશે.
- સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં એક-એક નવી યુનિવર્સિટી સ્થપાશે.
- જન્મ-મરણની નોંધણી ઓનલાઈન કરાશે.
- ૧૧૦ જેટલી નવી ૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદાશે.
- મહાત્મા મંદિરના ફેઝ-૨ માટે ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- છારા અને દહેજ બંદરમાં પીપીપીના ધોરણે ૩૨૦૦ કરોડનું રોકાણ.
- રિવરફ્રન્ટમાં ૨૫ કરોડનું ઔદ્યોગિક -દર્શન કેન્દ્ર બનશે.
- અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દહેજ, દ્વારકા અને દાંતામાં એરસ્ટ્રીપ બનશે.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન માટે ૧૨૦૦ કરોડનો ખર્ચ થશે.
- મુખ્યમંત્રી ગૃહ યોજનામાં ૧૧૦૦ કરોડનો ખર્ચ કરાશે.
- ગીરના સિંહોના સંરક્ષણ માટે ૧૩૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- રાજયમાં મહિલા પોલીસ બેન્ડ ઉભું કરાશે.

# જિલ્લા પંચાયતનું રૂ. ૩.૭૧ કરોડની પુરાંત ધરાવતું બજેટ

## સમાજના સૌ વર્ગને સાથે રાખી વિકાસ થકી સમૃધ્ધિ તરફ દોરી જતુ બજેટ છે : હીનાબેન પટેલ

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગર જિલ્લા પંચાયતનું રૂ. ૩ કરોડ ૭૧ લાખની પુરાંત ધરાવતું બજેટ આજે સામાન્ય સભાએ મંજુર કર્યું છે. આ બજેટ લોકાભિમુખ બજેટ હોવાનો દાવો પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલે કર્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં મળેલ સામાન્ય સભાએ મનરેગાનું લેબર બજેટ પણ મંજૂર કર્યું હતું. આ લેબર બજેટ ૪.૮૧ કરોડનું સૂચવવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે આજે તેમનું બીજું બજેટ સભામાં રજુ કરતાં આવકની મર્યાદાનો એકરાર કર્યો હતો તેમજ આવક વધારવાના સહિયારા પ્રયાસો જરુરી હોવાનું જણાવી સભ્યોને વધુ સક્રિયતા દાખવવા પણ અપીલ કરી હતી.

જિલ્લાનું સ્વભંડોળનું રૂ. ૭૪૬.૧૯ લાખના ખર્ચવાળુ તથા ૪૫૩.૮૮ લાખની આવક તથા સરકારી પ્રવૃત્તિમાં રૂ ૩૬,૨૧૩.૪૧ લાખની આવક તથા રૂ. ૩૬,૦૭૦.૨૪ લાખના ખર્ચવાળુ અંદાજપત્ર રજુ કર્યુ હતું.

મહિલા સશકિતકરણના સરકારના અભિગમને પૂરક બનવા માટે જિલ્લામાં શ્રેષ્ઠ દુધ ઉત્પાદન થાય તે માટે મહિલાઓને પ્રોત્સાહન આપવા સારૂ જિલ્લા કક્ષાની શિબિર યોજવા માટે રૂ. ૧ લાખની નવી જોગવાઈ, કન્યા કેળવણી માટે રૂ. પાંચ લાખની વિશેષ જોગવાઈ, જળસિંચાઈના કામોને પ્રોત્સાહન આપતાં પાતાળકુવા રીપેરીંગ મેઈન્ટેનન્સ માટે રૂ. પાંચ લાખની જોગવાઈ તેમજ પાણીની સુવિધા માટે ગ્રામ પંચાયતને સહાય માટે રૂ. ૪૫ લાખની મહત્વની જોગવાઈ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

પોલીસ કોન્સ્ટેબલ | તલાટી
100% ગેરંટીથી પોલીસ કોન્સ્ટેબલ અથવા તલાટીમાં નોકરી મેળવો !
નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે...
TCCI શરૂ કરે છે (ફક્ત તલાટી / કોન્સ્ટેબલ માટે જ)
બ્રિલિયન્ટ બેચ-2015
પોલીસ કોન્સ્ટેબલ ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 28.02.2015 | બપોરના 3-15 થી 6-15 | સોમ થી રવિ |
| 04.03.2015 | બપોરના 12-00 થી 2-00 | સોમ થી રવિ |

30000+ થી વધુ પ્રશ્નોનું સોલ્યુશન
દરરોજ 3 કલાકનું શિક્ષણ (સોમ થી શનિ)
દર રવિવારે ટેસ્ટ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
પરીક્ષા સુધીનો કોર્ષ
તલાટી ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 01.03.2015 | સવારના 9-00 થી 12-00 | સોમ થી રવિ |

ફક્ત ગાંધીનગર શાખા માટે જ
26.01.1994 થી 30.07.2014 સુધીમાં TCCI EDUCATION PVT. LTD. 8673 વિદ્યાર્થીઓમાંથી 7892 વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ સફળતા !
TCCI EDUCATION PVT. LTD.
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સે.7/A, ગાંધીનગર
MUKESH PATEL 90990 76788
DESIGN BY | 96622 54230

# સ્વાઈન ફ્લુથી એક જ દિવસમાં ત્રણના મોત

## જિલ્લામાં વધુ ૧૧ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં પાંચ કેસ મળ્યા : તંત્ર હચમચી ઉઠ્યુ

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર યથાવત રહેવા પામ્યો છે. જિલ્લામાં આજે વધુ ૧૧ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે સારવાર હેઠળના ૩ દર્દીઓના મૃત્યુ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

સ્વાઈન ફ્લુથી એક જ દિવસમાં ૩ ના મોતે જિલ્લા તંત્રને હચમચાવી દીધુ છે. ૩ ના મોત સાથે જિલ્લામાં આ રોગથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે મુબારકપુરાના આધેડનું ચાર દિવસની સઘન સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. આ જ પ્રમાણે શિહોલી મોટીના ૫૦ વર્ષીય પુરૂષ દર્દીનું ૬ દિવસથી ચાલી રહેલી સારવાર પછી પણ મૃત્યુ નીપજ્યું છે.

આ ઉપરાંત આદિવાડામાં પણ સ્વાઈન ફ્લુથી એક દર્દીનં મોત થયું છે. જિલ્લામાં એક જ દિવસમાં નોંધાયેલા ૩ મૃત્યુને કારણે ગાંધીનગર અને કલોલ પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુના નવા ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરના પાંચ કેસનો સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસોની સંખ્યા ૩૦ને પાર કરી ચુકી છે. માણસામાં વધુ ૧ કેસ, દહેગામમાં વધુ ૨ કેસ, કલોલમાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર અને વાવોલમાંથી પણ સ્વાઈન ફ્લુના નવા બે કેસ મળ્યા હોવાની ચર્ચા છે.

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

PSI / ASI / કોન્સ્ટેબલની તમામ બેચમાં
પ્રવેશ સંપૂર્ણ બંધ છે.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા તથા કામની શ્રેષ્ઠ ગુણવત્તાને લક્ષમાં લઇ હાલ ચાલતી તમામ બેચમાં પ્રવેશ આપી શકાય તેમ નથી, તે બદલ ક્ષમા અર્ચના..



- આપનો ઋણાનુરાગી
રાજુભાઈ પટેલ
નોંધ : પ્રવેશ માટે રૂબરૂ મુલાકાત કરવી નહી તથા ફોન પર પણ પૂછપરછ ન કરવા વિનંતી
વિવેકાનંદ એકેડમી
Email : vivekanandacademy2012@gmail.com | info@vivekanandacademy.org
Website : www.vivekanandacademy.org